


પાંચ નાના વાંદરા

જુલિયટ કેપેસ




બુઝો, , બિંકી, બીબી, બુલુ અને બાલી નામના

વાંદરા જંગલ ના બધા જાનવરો માટે ઉપદ્રવરૂપ હતા - બધા જાનવરો માટે, સિવાય ટેરિબલ ટાઇગર ને છોડીને, કારણકે એનાથી બધા ડરતા હતા. પાંચે વાંદરા હંમેશા ચાલ ચાલતા રહેતા, ત્યાં સુધી કે પેકારી, કોમળ જંગલી સુવર સાથે પણ; એ સિંહ ઉપર નાળિયેર ફેંકતા હતા; મગરમચ્છ નું મોઢું ખોલીને એને નદી ના ઉપરવાસ માં લઈ ગયા હતા.

પણ એક દિવસ એવો આવ્યો કે વાંદરાઓ ને સજા મળવાની હતી. એ પેકારી જ હતો જેણે એને દુઃખદ અંત માં થી બચાવ્યા અને એની પાસેથી સારા બનવાનો વાયદો કરાવ્યો. એમણે થોડા સારા કામ પણ કર્યા હતા, જયારે એક દિવસ ટેરિબલે ઉત્પાત મચાવ્યો હતો.

મિસિસ કેપેસ ની મજેદાર વાર્તા એવી છે જેને વાંચી ને યુવાન પેઢી આનંદ થી નાચી ઉઠશે. આ એક અનોખી ચિત્ર વાર્તા છે જે બધી ઉમર ના લોકો ને રમુજી ગલીપચી કરાવશે. બાળકો નાના વાંદરા ની હરકતો પર હસશે અને એલેન્ડ, પેકારી ટેરિબલ અને અન્ય જંગલ ના જાનવરો ના અસામાન્ય ચિત્રો પર આશ્ચર્યકારક ઉદ્દગાર કાઢશે.




પાંચ નાના વાંદરા

જુલિયટ કેપેસ

આ પાંચ નાના વાંદરા - બુઝો, , બિંકી, બીબી, બુલુ અને બાલી - વિષે એક

વાર્તા છે. એ તોફાની અને બદમાશ વાંદરા હતા અને જંગલ માં જ્યાં એ રહેતા હતા, ત્યાં અન્ય જાનવરો માટે મુશ્કેલી અને યાતનાપૂર્ણ હતા. એકમાત્ર જાનવર જેની સાથે એમણે ક્યારેય કોઈ ચાલ નથી ચાલી, એ ટેરિબલ ટાઇગર હતો જે જંગલ ના એક સૌથી ગાઢ વિસ્તાર માં એક ગુફા માં રહેતો હતો. ટેરિબલ ક્યારેક એના ભોજન માટે ગુફા ની બહાર આવતો હતો, પણ એટલી તેજ ગર્જના અને ઘુરકાટ સાથે કે વાંદરા પણ ડરી ને ભાગી જતા હતા.





એક મનોહર બપોરે સૂરજ આકાશ માં ગરમ ચમકી રહ્યો હતો, અને જંતુ નો ગણગણાટ જંગલ માં એકમાત્ર અવાજ હતો. બધા પ્રાણી બપોર નું ઝોંકુ લઈ રહ્યા હતા. સિંહ એક વિશાળ વૃક્ષ ની છાયા માં સૂઈ ગયો હતો. એલેન્ડ ઊંચા વેલા નીચે ઝોંકા ખાઈ રહ્યો હતો. ઝીબ્રા લાંબા ઠંડા ઘાસ માં ઉભો હતો. હાથી મોટા દરિયાઈ ઘોડા સાથે પાણી ના ખાડા માં સુસ્તી થી સૂતો હતો. જંગલી ડુક્કર નરમ કાળી માટી માં પડયું હતું.

અચાનક, એક ડાળી ના તૂટવાનો અને થોડો હલ્કો ઉત્સાહિત બકબકાટ નો અવાજ આવ્યો. પાંચ નાના વાંદરા, બુઝો, , બિંકી, બીબી, બુલુ અને બાલી, ચુપચાપ ઝાડ ની ટોચ પર હતા. એ સિંહ ને જોવા ઉભા રહ્યા, અને એની ઊંઘ માં ખલેલ પાડવાનો નિર્ણય લીધો.



"હા! હા!" બુઝોએ એના ભાઈઓ ને કહ્યું. "એ સિંહ કેટલો મૂર્ખ જાનવર છે. હું એના માથા માં કંઈક મારવાનું ચાહીશ."


"આગળ વધ," બિંકીએ ચિચિયારી કરી. "એના માથા પર એક નાળિયેર માર. જો આપણે એને અહીં-તહીં ફેંકી ન શકીયે તો પછી આ બધા નાળિયેર અહીં કેમ છે?"

"ચાલો જોઈએ કે આપણે એના કાન વચ્ચે નાળિયેર મારી શકીયે છીએ કે નહીં? જે પહેલા એવું કરશે, એને કેળા ની લૂમ મળશે," બાલીએ બબડાટ કરતા કહ્યું. એ નાળિયેર ભેગા કરવા ભાગ્યા અને પાસેના એક ઝાડ ની શાખા માં ભેગા કર્યા.

"ઠીક છે," બાલીએ કહ્યું. "હવે આપણી પાસે પર્યાપ્ત છે. જયારે હું ત્રણ ગણું ત્યારે ફેંકવાનું શરુ કરજો. એક વાર માં એક જ ફેંકજો. અને કોઈ ગરબડ નહીં કરતા. એક ... બે ... ત્રણ!"


નાના વાંદરાઓએ ફેંકવાનું શરુ કર્યું. ધડામ! ધડામ! નાળિયેર સિંહ પર વરસવા લાગ્યા. "બરાબર નિશાન પર!" બુલુ એ ખુશી થી ચીસ પાડી, કારણકે એણે સિંહ ના કાન ની વચ્ચે નારિયેળ માર્યું હતું. સિંહ ગર્જના કરતો ઉછળ્યો અને ઝાડીઓ ની વચ્ચે થી ભાગી ગયો.





અવાજ સાંભળી ને જંગલ ના બધા જાનવર જાગી ગયા અને જંગલ માં કોલાહલ મચી ગયો. એમને લાગ્યું કે જો સિંહ આવી રીતે ગર્જના કરી રહ્યો છે તો કોઈ મોટી મુસીબત આવી હશે અને એ પાછળ ની ઝાડીઓ માં ચાલ્યા ગયા અને ઉતાવળ માં એક-બીજાને ટકરાવા લાગ્યા.

"ઉભા રહો," હાથી એ બૂમ પાડી, "શું થયું?"




"ઓહ! આઉચ!" સિંહ કણસવા લાગ્યો. "આજે એ ભયાનક નાના વાંદરાઓ એ મારી ઉપર નારિયેળ નો વરસાદ વરસાવ્યો. એણે મારા શરીરના બધા હાડકા ખોખરા કરી નાખ્યા અને હવે મારુ આખું શરીર દુઃખે છે."

"આ કોઈ મજાક નથી," ડુક્કરે કહ્યું. "આપણે એક પળ માટે પણ એ વિચાર્યા વગર રહી નથી શકતા કે એ હવે શું કરશે. આપણે એનું આ મૂર્ખાઈભર્યું વર્તન બંધ કરવું જોઈએ."

"શું તમને એ સમય યાદ છે જયારે એણે ડ્રાઈવર કીડી વિષે ગભરાટ ફેલાવ્યો હતો?" ઝેબ્રા એ પૂછ્યું. "એ બૂમ પાડવા લાગ્યા 'ડ્રાઈવર-ડ્રાઈવર, ભાગો-ભાગો,' અને પેલો મસ્તીખોર બુઝો સૌથી વધારે કિકિયારી કરી રહ્યો હતો. એ લગભગ નાસભાગ જ હતી; આપણે બધા મેદાન માં પહોંચવા માટે બહુ ઝડપ થી દોડયા. અને ત્યાં એ શેતાન વાંદરા બેઠા હતા, આપણી મશ્કરી કરતા અને ચિચિયારી કરતા, 'અમે તમને ફરી બેવકૂફ બનાવ્યા.'"

"મને એ ઘટના બહુ સારી રીતે યાદ છે," પાણી ની ભેંસે રાડ પાડી ને કહ્યું. "એ દિવસ હતો જયારે ટેરિબલે હરણ ને લગભગ પકડી લીધું હતું, જયારે આપણે બધા ખુલ્લા મેદાન માં હતા."

"એ એકમાત્ર સમય ન હતો જયારે એમણે મને ડરાવ્યું હતું," હરણે કહ્યું. "ગયા ગુરુવારે જયારે શિકારી આવ્યા હતા, તો બાલી એ મને જણાવ્યું કે મારુ સૌથી નાનું બચ્ચું મેદાન માં ભટકી ગયું હતું, અને શિકારી એની પાછળ પડયા હતા. હું એને શોધવા દોડયું અને લગભગ પોતે જ પકડાઈ ગયું. આમ તો મારુ બચ્ચું એની માઁ પાસે ઘરે જ હતું."





પેકારી, જંગલી ડુક્કર, જે સિંહ ના ઘાવ પર ઠંડી પટ્ટીઓ લગાવવામાં મશગુલ હતું, એણે આગળ વાત કહી, "એ બહુ દુષ્ટ વાંદરા છે, પણ એ હજી બહુ નાના પણ છે. મને નથી લાગતું કે થોડા સમય માટે એ કોઈ બીજી ચાલ ચાલશે. એની સાથે બહુ ખરાબ વ્યવહાર નહીં કરો."

"હું એને હમણાં પકડી લઈશ," સિંહે ગર્જના કરી. પણ એ એટલી ખરાબ રીતે ઘાયલ હતો કે એ વાંદરાઓ નો પીછો કરી શકે એમ ન હતો, એટલે જાનવરો એ રાહ જોવાનો નિર્ણય કર્યો. પેકારી એમાં સૌથી વધારે સમજદાર હતો.



થોડા અઠવાડિયા પછી, સાંજ ના સમયે, નીલગાય પાણી પીવા પાણી ના ખાડા માં નીચે ઉતરી. ત્યારે બહુ શાંતિ હતી કારણકે આ એ સમય હતો જયારે ટેરિબલ સામાન્ય રીતે ભોજન ની શોધ માં એની ગુફા માં થી બહાર નીકળતો હતો. પોતાના છુપાવાના સ્થાન પરથી જોઈ રહેલા અન્ય જાનવરઓ એ વિચાર્યું કે નીલગાય પાણી ની શોધ માં જવા માટે બહુ બહાદુર હતી. નીલગાય ને ખબર હતી કે એ બહાદુર ન હતી, એને તો બસ બહુ તરસ લાગી હતી.

બહાર નીકળતી વખતે એને બધું બહુ શાંતિપૂર્ણ લાગ્યું. એણે ઉપર ઝાડ પર બેઠેલા પાંચ નાના વાંદરા ના ગુસપુસ કાવતરા ન સાંભળ્યા. એણે હમણાં-હમણાં નીલગાય ની પીઠ પર છલાંગ લગાવવાનો અને એને બહુ ડરાવવાનો ફેંસલો કર્યો હતો.

"પહેલા કોણ કૂદશે?" બુલુ એ પૂછ્યું.

"ચાલો બધા સાથે કૂદીએ," બુઝો એ કહ્યું, "એ બહુ મજેદાર થશે અને એનાથી એ ડરી જશે."

"એક ... બે ... ત્રણ ... કૂદો!" બીબી એ બૂમ પાડી.

એ બધા એક સાથે કૂદી પડયા અને નીલગાય, પાંચ વળગેલા

વાંદરા સાથે ખુબ ગભરાઈ ને ભાગી.

"શું રોમાંચક સવારી છે," બિંકી એ ચીસ પાડી. "જીવ બચાવો, બાળકો."

ત્યારે નીલગાય ને લાગ્યું કે આ તો વાંદરા છે અને ટેરિબલ નહીં, જે એના પર ત્રાટક્યા હતા, અને એ ઉભી રહી ગઈ.

બિંકી, બુઝો, બીબી, બુલુ અને બાલી ગબડી પડયા અને નજીક ના ઝાડ પર ચઢી ગયા. એ ઘણી વાર સુધી હસતા રહ્યા.

નીલગાય નો શ્વાસ ફૂલી ગયો હતો, પણ એ એની ઉપર રાડ પાડવામાં સફળ રહી, "તમે લોકો સાવધાન રહો. અમે તમારી


ચાલ ને બહુ વાર સુધી સહન નહીં કરીયે."



ખબર ફેલાઈ ગઈ કે આવતી પૂર્ણિમા ના દિવસે પાણી પીવાના ખાડા પાસે એક બેઠક થવાની છે. ત્રણ રાત પછી, બરાબર અડધી રાતે, ટેરિબલ અને વાંદરા ને છોડી ને, બધા જાનવર પાણી પીવાના ખાડા પાસે લડખડાતા, ઉછળતા, ચાલતા અને સરકતા પહોંચ્યા. ટેરિબલ ને ક્યારેય ક્યાંય પણ આમંત્રિત કરવામાં આવતો ન હતો અને ખાસ કરીને બેઠક માટે તો નહીં જ.

સિંહે બધા નાક ની ગણતરી કરી. "મને લાગે છે કે હવે આપણે બધા અહીં છીએ," એણે કહ્યું, જયારે એણે બધા નાક ની બે વાર ગણતરી કરી. "અને તમે જાણો છો શું કામ. આપણે નક્કી કરવાનું છે કે બિંકી, બુઝો, બીબી, બુલુ અને બાલી વિષે શું કરવાનું છે. શું કોઈ પાસે કોઈ યોજના છે?"





"આપણે એને પકડી ને એના માથા નદીમાં પાણી માં ડૂબાડી દઈએ?" કાળિયારે પોકાર કર્યો.

"એને પકડો," સિંહે ત્રાડ પાડતા કહ્યું. "આપણા માં થી કોણ એવું કરી શકે છે, મારા પ્રિય?"

" હું તમારા માટે એની ઉપર ત્રાટકીશ," ચિત્તા એ કહ્યું.

સિંહે એની ઉપર બૂમ પાડી ને કહ્યું, "તું એ બધા પર એક સાથે કેવી રીતે ત્રાટકીશ? જયારે તું એક ને પકડીશ તો બાકી ના ચાર તારી મૂછ ખેંચી લેશે!"

"મગરમચ્છ એને ખાઈ કેમ જતો નથી," નીલગાયે સૂચવ્યું.

"મગરમચ્છ એની પાસે પણ જતો નથી," સિંહે ઘુરકાટ કર્યો. "શું તું એ દિવસ ભૂલી ગઈ જયારે એણે એના મોઢા માં એક ઝાડ ની શાખા ખોસી હતી અને એને નદી માં હલેસા મારીને લઈ ગયા હતા?"





"ઠીક છે," સિંહે આગળ કહ્યું, "મારી પાસે એક વધારે સારો ઉપાય છે. તમે બધા જાણો છો, શિકારીઓ એ કાલે એક બહુ મોટો ખાડો ખોદ્યો છે અને એને ઝાડ ના પાંદડા અને ડાળીઓ થી ઢાંકી દીધો છે. જે કમનસીબ જાનવર શાખાઓ પર પગ રાખશે, એ ખાડા માં પડી જશે અને એને પાંજરા માં નાખી ને પ્રાણીસંગ્રહાલય માં લઈ જવામાં આવશે."

"અમે બધાએ એને ખાડો ખોદતાં જોયા છે," ઝેબ્રા એ કહ્યું, "વાંદરા ને છોડીને. એ કાલે બપોરે ટેકરી ની ટોચ પર એના દાદાજી ની જન્મદિવસ ની પાર્ટી માં ગયા હતા."

"ઠીક છે," સિંહે કહ્યું, "આપણે ડાળીઓ ને હટાવીને ખાડા ના તળિયે કેળા ની લૂમ મૂકી દઈએ. વાંદરા એની પાછળ કૂદી પડશે. અને એ ખાડા ની બાજુ એટલી આકરા ઢાળવાળી છે કે વાંદરા ક્યારેય બહાર નહીં નીકળી શકે. પછી શિકારી એને પ્રાણીસંગ્રહાલય લઈ જશે અને આપણે વાંદરાઓ થી કાયમ માટે છૂટકારો પામશું."

બીજે દિવસે સવારે બધા જાનવર કેળા અને મેવો ભેગો કરવા જલ્દી ઉઠી ગયા. સિંહે એને ખાડા માં રાખવાની દેખરેખ રાખી અને એ પરિણામ થી પ્રસન્ન હતો. વાંદરા આખો દિવસ સૂતા રહ્યા કારણકે એ પાછલી રાત ઉપદ્રવ મચાવવાની યોજના કરવા માટે મોડે સુધી જાગતા હતા.



બપોર પડતા પ્રાણીઓ એ સૂવા નું નાટક કર્યું, પણ હકીકત માં એ અધખુલ્લી આંખો થી ખાડા ને જોઈ રહ્યા હતા. થોડી વાર માં વાંદરા મેદાન માં એની નવી ચાલ ખેલવા ચુપકીદીથી આવ્યા.

બુલુ અચાનક રોકાઈ ગયો અને સૂંઘવા લાગ્યો. "અરે ભાઈયો! શું તમને એજ ગંધ આવી રહી છે જે મને આવે છે?"

"આ તો કેળા છે," બિંકી એ કહ્યું! અને આ વાસ ત્યાં પેલા ખાડા માં થી આવી રહી છે."

એ દોડયા અને ખાડા માં નીચે જોયું, અને ખરેખર, નીચે કેળા અને મેવા ભર્યા હતા.

"દુનિયા માં કોણે આ બધું ભેગું કર્યું હશે?" બીબી એ ચીસ પાડી ને કહ્યું.

"એ વિષે ચિંતા નહીં કર. ચાલો કૂદકો મારીયે અને એને ખાઈએ," બાલી એ ઉત્સાહ થી કહ્યું.


એ એક સાથે કૂદી પડયા, પાંચ મૂર્ખ નાના વાંદરા, ગબડતા અને ઉછળતા. એમણે જેટલી જલ્દી બની શકે ફળ એકઠા કર્યા, અને જયારે એના હાથ ભરાઈ ગયા તો બહાર નીકળવાની કોશિશ કરવા લાગ્યા.


બુલુ ને સૌથી પહેલા ખ્યાલ આવ્યો કે ખાડા ની બાજુઓ તીવ્ર ઢાળવાળી છે. " આપણે કેળા નીચે નાખીને જોવું જોઈએ કે શું આપણે એના વગર બહાર નીકળી શકીયે છીએ કે નહીં," એણે કહ્યું.

એ કૂદ્યા અને હવામાં ઉછળ્યા, પણ જેમ સિંહે કહ્યું હતું, ખાડા ની બાજુઓ બહુ વધારે સીધી હતી, વાંદરા જેવા સારા કૂદવાવાળા માટે પણ.

"અ બહુ ખરાબ થયું છે," બુલુ એ કહ્યું. "આપણે મદદ માટે કોઈ ને બોલાવવા જોઈએ."

"પણ આપણે જે અટકચાળા કર્યા છે અને જે ચાલો ચાલી છે, એ પછી આપણી મદદ કોણ કરશે?" બીબી એ બબડાટ કર્યો.





ત્યાં એમણે ઉપરથી હસવાનો અવાજ સાંભળ્યો.

"તમને કેળા કેવા લાગ્યા," એલેન્ડે પૂછ્યું.

"શિકારી થોડી વાર માં અહીં આવશે," નાના હરણે કહ્યું, "તમને પ્રાણીસંગ્રહાલય લઈ જવા માટે."

"ઓહ, તમે આ યોજના બનાવી," વાંદરાઓએ મોટે થી કહ્યું. "કૃપા કરીને અમારી મદદ કરો. અમે હવે પછી સારા થવાનો વાયદો કરીયે છીએ."

"મને તમારી વાત પર વિશ્વાસ નથી બેસતો," નીલગાય એ કહ્યું.

ફક્ત પેકારી જ વાંદરાઓ માટે દુઃખી હતો. "મને લાગે છે કે આ વાત હવે બહુ આગળ વધી ચુકી છે," એણે કહ્યું. "શું આપણે એને પ્રાણીસંગ્રહાલય લઈ જવા માટે એને ત્યાં છોડી શકીયે છીએ? એ જેટલા પણ દુષ્ટ હોય, પણ આ કામ એમણે કરેલા કોઈ પણ કામ થી વધારે નઠારું છે."

"અચ્છા, તમે શું કહો છો?" સિંહે બીજા જાનવરો ને પૂછ્યું.

"અમે એને ક્યારેય આ રીતે ખાડા માં નહીં નાખીયે," ઝેબ્રા એ કહ્યું.

"મને લાગે છે કે એમણે પાઠ ભણી લીધો છે," પેકારી એ કહ્યું. "જલ્દી થી નક્કી કરો! હું શિકારીઓ ને આવતા સાંભળી શકું છું."







સિંહે ફરી ખાડા માં જોયું. પછી એણે અને હાથી એ પાસેના ઝાડ માં થી એક મોટી શાખા તોડી ને ખાડા માં નાખી. પાંચ નાના વાંદરા વીજળી ના ચમકારા ની ઝડપ થી શાખા પર ચઢી ગયા.


"આભાર. તમારો બહુ આભાર!" એમણે બૂમ પાડી ને કહ્યું. "અમે તમને બતાવશું કે અમે કેટલા સારા થઈ શકીયે છીએ."







વાંદરા એના શબ્દો પર ખરા ઉતર્યા. એક અઠવાડિયા પછી પણ એ ભવ્ય વર્તન કરી રહ્યા હતા. બાલી એ એક સવારે ક્વાગા ના માથા પર કેળા ની છાલ ભૂલ થી નાખતા "માફ કરજો" એમ પણ કહ્યું. એ એક દુર્ઘટના જ હશે. બુલુ એ પાંદડા નો એક મોટો ગુચ્છો ધૂળ કાઢવા પછાડયો અને જિરાફ ના નાસ્તા માટે લઈ ગયો. બીબી એ નારિયેળ ના કોચલા માં પાણી ભર્યું અને માઁ એલેન્ડ પાસે લઈ ગઈ, જેથી એ એના બચ્ચા નું મોઢું ધોઈ શકે જે માટી માં ગબડી પડયું હતું. બિંકી એ એક મોટો પંખો બનાવ્યો અને બે કલાક માટે હાથી ની પીઠ અને કાન માં થી માખીઓ ઉડાડી. બુઝો એ રોજ રાતે પેકારી ના ભોજન બાદ ની મીઠાઈ માટે સૌથી સારો મેવો અને મૂળિયાં શોધ્યા.





પણ આગલા શુક્રવારે બધા વાંદરાઓએ મળીને કંઈક અદ્ભૂત કર્યું. બપોર નો સૂરજ હંમેશ ની જેમ ચમકી રહ્યો હતો, અને જાનવરો સાંજ ના શિકાર ની શોધ માં જતા પહેલા આરામ કરી રહ્યા હતા. સિંહ એના હંમેશ ના ઝાડ નીચે હતો. એલેન્ડ એની આંખો બંધ કરીને ઘાસ ચાવી રહી હતી. હાથી પાણી ના ખાડા પાસે ઢગલો થઈને પડયો હતો. ઝેબ્રા ચુપચાપ ઉભો-ઉભો એના ચટાપટા ગણી રહ્યો હતો અને ટિપ્પણી કરી રહ્યો હતો કે એના પટ્ટા ક્વાગા કરતા વધારે સુંદર છે. પેકારી કીચડ માં ડૂબેલો હતો, એ વિચારી ને કે કીચડ દુનિયા ની સૌથી સુંદર વસ્તુ હતી.



જેવું પેકારી નું નાક કીચડ માં ધુસ્યું, જંગલ ના સૌથી ગીચ વિસ્તાર માં થી એક ભયંકર ગર્જના સંભળાઈ. પહેલી ગર્જનાએ જાનવરો ને એના પગ પર ઉભા કરી દીધા: બીજી ગર્જના, જે બહુ નજીક હતી, એણે એને દોડવાનું શરુ કરાવી દીધું: ત્રીજી ગર્જનાએ ટાઇગર ધ ટેરિબલ ને એની આંખો સામે લાવી દીધો. પેકારી કીચડ માં થી બહાર આવવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો, પણ એ ફસાઈ ગયો હતો અને એક મિનિટ ની અંદર ટેરિબલ એની પાછળ હતો.



"મદદ કરો! મદદ કરો!" પેકારી એ બૂમ પાડી. "કૃપા કરીને કોઈ મદદ કરો!" એણે હતાશ થઈને અહીં-તહીં જોયું પણ બીજા જાનવર પહેલા જ ઓઝલ થઈ ગયા હતા.



"ઓહ! મદદ કરો! મદદ કરો!" એણે ચીસ પાડી. ટેરિબલ એની નજીક જ હતો, ત્યાં અચાનક એક ઝાડ પર થી દસ નાના રુવાંટીદાર હાથ નીકળ્યા, અને બરાબર એ સમયે ટેરિબલ ને પકડી લીધો જયારે એ પેકારી ની પીઠ પર છલાંગ લગાવવાનો હતો. બિંકી, બુઝો, બીબી, બુલુ અને બાલી પેકારી ને બચાવવા આવ્યા હતા!



બુઝો એ ટેરિબલ ના કાન પકડી લીધા. બુલુ એ એની પૂંછડી કસી ને પકડી. બીબી અને બિંકી એ એની મોટી પટ્ટાવાળી પીઠ પકડી. એમણે ટેરિબલ ને હવા માં ઉછાળી દીધો. એણે ત્રાડ પાડી અને બચકા ભરવાની કોશિશ કરી, પણ બાલી એ નીચે ઉતરીને એની મૂછ પકડી લીધી. ટેરિબલે ફરી ગર્જના કરી. એ બીજા જેવી ન હતી; એ એક ગુસ્સા ને લીધે વેદનાનો કણસાટ હતો.

"મને જવા દ્યો, ભયાનક નાના વાંદરા, નહીં તો હું તમને દરેકને બટકા ભરીશ," એણે ત્રાડ પાડી.

"કોશિશ કર. જો, તું કરી શકે છે." અને વાંદરાઓ એ એને એટલા જોરથી આગળ-પાછળ ઝુલાવ્યો કે એ અધમૂવો થઈ ગયો.

અન્ય જાનવર ચુપચાપ સરકતા આવી રહ્યા હતા, એ જોવા કે શું થઈ રહ્યું છે. જયારે એમણે ટેરિબલ ને આગળ-પાછળ ઝૂલતા જોયો તો ઉત્સાહ થી ચીસ પાડી.

"બહુ સરસ!" નાના હરણે કહ્યું.


"આ એક એવું દ્રશ્ય છે જેના વિષે મેં ફક્ત સ્વપ્નું જ જોયું હતું," નાના હરણે કહ્યું.

"અને મેં," હાથી એ સીંગુ ફૂક્યું.

"એને કસી ને ઝાડ સાથે બાંધી દો," એલેન્ડે બૂમ પાડી.

"અદ્ભૂત!" કવાગા એ કહ્યું. "અને એને હંમેશા ત્યાં જ છોડી દો."

"નહીં કરો," ટેરિબલે કંપી ને કહ્યું. "મને જવા દ્યો, મને નીચે ઉતારો. મેં કોઈ ને ઇજા કરી નથી."

"આ વખતે તેં કંઈ કર્યું નથી," બુઝો એ દાંત ભીંસતાં અને ટેરિબલ ના કાન પર એની પકડ મજબૂત કરતા કહ્યું.

"મને નીચે ઉતારો," ટેરિબલે વિનંતી કરી. એ હવે હકીકત માં ભયભીત હતો અને કણસી અને રોઈ રહ્યો હતો. "કૃપા કરો. હું સારો થઈને રહીશ. જ્યાં સુધી તમે આરામ કરશો ત્યાં સુધી હું મેદાન ની રખેવાળી કરીશ અને શિકારી આવશે તો તમને ચેતવીશ."


વાંદરાઓ એ એને વધુ એક ઝટકો આપ્યો. "ગ્રમ્ફ! ઊફ!" ટેરિબલ બહુ વ્યાકુળ થઈ ગયો હતો. એનો ચેહરો પણ થોડો લીલો થઈ ગયો હતો. "હવે થોભો!" એણે બહુ સારા અવાજ માં કહ્યું. "કૃપા કરો."

પેકારી, હંમેશ ની જેમ, કોઈ બીજા જાનવર ને ઈજા થાય એ વિચારી પણ શકતો ન હતો, ટેરિબલ ને પણ નહીં. "મને લાગે છે કે આપણે એને એક મોકો આપવો જોઈએ, જેમ આપણે વાંદરાઓ ને આપ્યો હતો," એણે કહ્યું.

સિંહ ઊંડાણ થી વિચારી રહ્યો હતો. "મને લાગે છે કે ટેરિબલ એનો બોલ પાડશે," એણે અચાનક કહ્યું. "જો એ એવું નહીં કરે તો વાંદરા એને ફરી પાઠ ભણાવશે. ઠીક છે, છોકરાઓ," એણે બિંકી, બુઝો, બીબી, બુલુ અને બાલી ને પોકાર કર્યો. "એને નીચે ઉતારો."

"એક," બિંકી એ બૂમ પાડી.

"બે...ત્રણ!" એમણે એક સાથે છોડયો અને ટેરિબલ એક જોરદાર ધમાકા સાથે એના પેટ પર ફેલાયેલી હાલત માં નીચે પડયો.





"હવે," સિંહે કહ્યું, "જા અને તરત રક્ષા કરવાનું ચાલુ કર, ટેરિબલ. અને ધ્યાન રાખી ને સારું કામ કરજે." જાનવર ઉભા રહીને વાઘ ને જોવા લાગ્યા, કારણકે એ મેદાન ના કિનારે ખસકી ગયો હતો. સિંહે કહ્યું, "મને લાગે છે કે આપણે પાંચ નાના વાંદરા ને એના દ્વારા કરવામાં આવેલા સૌથી સારા કામ માટે શાબાશી આપવી જોઈએ."

અને "હિપ-હિપ-હુર્રે," જંગલ માં ત્રણ વાર ગુંજ્યું. "પાંચ નાના વાંદરા માટે હિપ-હિપ-હુર્રે."

પછી સિંહ ધીમે-ધીમે એના વિશાળ વૃક્ષ તરફ પાછો ફર્યો. એણે એની બરછટ કેશવાળી હલાવી અને થોડી વાર માં સૂઈ ગયો. હાથી અને દરિયાઈ ઘોડો સાથે પાણી પીવાના ખાડા માં ચાલ્યા ગયા. એલેન્ડ ત્યાં ઉભું હતું જ્યાં ઘાસ સૌથી ગીચ અને ઠંડુ હતું. ડુક્કર ઠંડી કાળી માટી માં બેસી ગયું. જંગલી સુવર પેકારી એની બાજુ માં બેસી ગયું હતું. પાંચ નાના વાંદરા એના મનપસન્દ કેળા ના ઝાડ પર ચઢવા લાગ્યા, પણ એ એટલા થાકેલા હતા કે એ સિંહ ના નાક ની નીચે એક રુંવાટીવાળા ભૂરા ઢગલા ની જેમ સૂઈ ગયા.





